# <u>ક્રિ.કે.નં.૨૦૦૩૯૮/૨૦૦૨</u>

# <u>-: આંક-૧૧૨ નીચે હુકમ :-</u>

(૧) **આરોપી નં.૬ હર્ષદ જે.બક્ષી** પક્ષે કંપનીઝ એકટ, ૧૯૫૬ ની **કલમ ૫૮ એ (૧૦)** ના ગુનાના કામે દાખલ થયેલ ફરીયાદના કામે ડીસ્ચાર્જ કરવાની અરજી કરેલી છે.

(૨) અરજીના કારણોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ આરોપી નં.૬ સદર કંપનીમાં ઓર્ડીનરી ડીરેકટર તરીકે ફરજ બજાવતા હતા. વધુમાં જણાવેલ છે કે, કંપનીઝ એકટ, ૧૯૫૬ ની કલમ-૫ જોતાં તેઓ ડીરેકટરી વ્યખ્યામાં આવતા નથી. તેઓ ઓર્ડીનરી ડીરેકટર છે જેનો પુરાવો **''એન્યુઅલ રીપોર્ટ સને-૨૦૦૨''** માં છે જેમાં તેઓનું નામ નોન એકઝીકયુટીવ ડીરેકટર તરીકે બતાવવામાં આવેલ છે પરંતુ આરોપીએ આર.ટી.આઈ. કરી મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટસ ઓફીસ, ન્યુ દીલ્હી તથા રીઝીયોનલ ડીરેકટર પાસેથી માહિતી માંગતા તેમાં પણ લેખિતમાં તેઓ ઓર્ડીનર ડીરેકટર છે એવુ સ્પષ્ટપણે જણાવેલ છે આથી કોઈ ગેરસમજના કારણે તેઓ પર આ બધા કેસો દાખલ કરવામાં આવેલ છે. તેઓ કંપનીમાં ઓર્ડીનરી ડીરેકટર હોઈ કંપનીમાં રોજબરોજના વ્યવહારમાં કોઈ ભાગ લીધેલ નથી કે કોઈ આર્થિક લાભ મેળવેલ નથી જેથી સદર ફરિયાદના કામેથી તેઓને ડીસ્ચાર્જ કરવા અરજ ગુજારેલ છે. અરજી સાથે **એનેક્ષર-એ થી એનેક્ષર-ડી** સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. જેમાં **એનેક્ષર-બી** થી મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટસ ઓફીસ, ન્યુ દીલ્હીમાંથી મળેલ માહીતીની નકલ રજુ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપીની અરજી સામે વાંધો લઈ તે નામંજુર કરવા હુકમ કરવા દલીલો કરેલી છે.

(૪) અરજી સાથે રજુ દસ્તાવેજી પુરાવામાં એનેક્ષર-એ થી રજુ કંપનીનો એન્યુઅલ રીપોર્ટ સને-૨૦૦૨ જોતાં તેમાં હાલના આરોપીનું નામ નોન-એકઝીકયુટીવ ડીરેકટર, ઈન્ડીપેન્ડન્ટ તરીકે લખેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં આરોપીએ મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટસ ઓફીસ, ન્યુ દીલ્હી ખાતે કરેલ આર.ટી.આઈ.ના જવાબમાં પણ પણ હાલના આરોપી હર્ષદ બક્ષીને અત્રેના ફોજદારી કેસમાંથી ડીસ્ચાર્જ કરવા જણાવવામાં આવેલ છે. વધુમાં, આરોપીએ રીજીયોનલ ડીરેકટરને કરેલ આર.ટી.આઈ.ના જવાબમાં પણ હાલના આરોપી હર્ષદ બક્ષી ઈન્ડીપેન્ડન્ટ ડીરેકટર હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. ફરીયાદપક્ષે આરોપીપક્ષે રજુ કરેલ મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટસ ઓફીસ, ન્યુ દીલ્હીની માહીતી ખોટી હોવાની સ્પષ્ટ રજુઆત કરેલી નથી કે આ માહીતીની વિરુધ્ધની કોઈ માહીતી રજુ કરેલ છે.

(૫) વધુમાં કંપનીઝ એકટ ૧૯૫૬ ની કલમ ૫ નીચે મુજબ છે.

**Companies Act, 1956**

**Sec 5 - Meaning of " officer who is in default".**

For the purpose of any provision in this Act which enacts that an officer of the company who is in default shall be liable to any punishment or penalty, whether by way of imprisonment, fine or

otherwise, the expression " officer who is in default " means all the following officers of the company, namely :

(a) the managing director or managing directors ;

(b) the whole-time director or whole-time directors ;

(c) the manager ;

(d) the secretary ;

(e) any person in accordance with whose directions or instructions the Board of directors of the company is accustomed to act ;

(f) any person charged by the Board with the responsibility of complying with that provision :

**Provided** that the person so charged has given his consent in this behalf to the Board ;

(g) where any company does not have any of the officers specified in clauses (a)

to (c), any director or directors who may be specified by the Board in this behalf or where no director is so specified, all the directors :

**Provided** that where the Board exercises any power under clause (f) or clause (g), it shall, within thirty days of the exercise of such powers, file with the Registrar a return in the prescribed form.

(૫.૧) વધુમાં ફરીયાદપક્ષે **૨૦૦૫ એસ.સી.સી.(ક્રિમી.) ૧૯૭૫ (એસ.એમ.એસ.ફાર્માસ્યુટીકલ લી.વિ.નીતા ભલ્લા)** નો ચુકાદો રજુ કરેલ છે પંરતુ તે ચુકાદો નેગો.ઈન્સ્ટ્રુ.એકટ ના કેસમાં આપવામાં આવેલ હોય જેથી તેથી અત્રેના કેસમાં ફરીયાદપક્ષને મદદરુપ થતો હોવાની હકીકત યોગ્ય જણાઈ આવતી નથી. અરજદાર/આરોપીપક્ષે **નામ. સુપ્રિમ કોર્ટના ૨૦૨૦(૩) એસ.સી.સી.(ક્રિમી.)૨૮૧(શિવ કુમાર જટીયા વિ.સ્ટેટ ઓફ એન.સી.ટી.), ૨૦૧૫ આઈ.એન.એસ.સી.૧૮(સુનિલ ભારતી મિત્તલ વિ.સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વે., ૨૦૨૧ આઈ.એન.એસ.સી.૫૫૫(રવિન્દ્રનાથ બાજપે વિ.મેગલોર સ્પે.ઈકો.ઝોન)** ના ચુકાદા રજુ કરેલ છે. જે ધ્યાને લેવામાં આવેલ છે.

જેથી ઉપરોકત હકીકતો ધ્યાને લેતા અનાદરના સમયગાળા યાંને કે સને ૨૦૦૧–૦૨ માં હાલના આરોપી ઓફીસર ઈન ડીફોલ્ટની વ્યાખ્યામાં આવતા ન હોવાની હકીકત જણાઈ આવે છે. જે બાબતે આરોપીપક્ષે તેમની ડીસ્ચાર્જ અરજી સાથે એનક્ષર–બી નો મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટસ ઓફીસ, ન્યુ દીલ્હીનો દસ્તાવેજ રજુ કરેલ છે. જેથી હાલના આરોપી સામે હાલની ફરીયાદ દાખલ કરવાનું કોઈ કોઝ ઓફ એકશન અસ્તિત્વમાં રહેતું ન હોય જેથી ઉપરોકત હકીકતોએ આરોપી નં.૬ સામે કોઈ પ્રથમદર્શનીય કેસ અસ્તિત્વમાં રહેતો નથી.

(૬) સદર કેસ સમન્સ/સમરી ટ્રાયલથી ચાલવાપાત્ર હોય જેથી ક.૨૫૮ લાગુ પડે નહી પરંતુ કંપની એકટમાં જ ક.૬૩૩ ની અલગથી જોગવાઈ કરવામાં આવેલી છે.

" The learned Magistrate is directed to consider the application of the accused petitioner under Sec.633 of the Companies Act filed before this court on April 21, 1978, in the light of the observations made above and to record his findings on the points noted. While considering the above petition, the learned Magistrate will pay his attention to the copies of correspondence and other documents annexed with the said petition only".

ઉપરોકત ચુકાદા મુજબ ક.૬૩૩(૧) મુજબની સત્તા મેજીસ્ટ્રેટ કોર્ટમાં રહેલ હોવાની હકીકત યોગ્ય જણાઈ આવે છે. જેથી ઉપરોકત પ્રબંધ મુજબ હુકમ કરવો યોગ્ય જણાઈ આવે છે.

(૭) વધુમાં આક્ષેપિત કંપની લીકવીડેશનમાં ગયેલ હોય જેથી કંપની તરફે વીકેરીયસ જવાબદાર ગણવામાં આવે તો પણ ઓફીસર ઈન ડીફોલ્ટની વ્યાખ્યામાં સમાવેશ થાય તેવા વ્યકિતની જવાબદારી બને પરંતુ હાલના કેસમાં બાકીના ડીરેકટરો અવસાનના લીધે કે ગુનો કબુલ કરી લેવાના લીધે તેમની સામેના કેસની જવાબદારીમાંથી મુકત થયેલ છે. જેથી કંપની પુરતો પણ કેસ ચાલુ રાખવો ઉચીત નથી.

જેથી ઉપરોકત હકીકતો, કાનુની પ્રબંધો મુજબ આરોપી નં.૬ જે તે સમયે ઓફીસર ઈન ડીફોલ્ટની વ્યાખ્યામાં આવતા ન હોય જેથી હાલના કેસનુ કોઝ ઓફ એકશન અસ્તિત્વમાં ન હોય જેથી હાલના આરોપી સામેની ટ્રાયલ ચલાવવામાં આવે તો સમય, સરકારશ્રી નાણાંનો વ્યય થાય તેમ હોવાનું જણાતુ હોય જેથી ઉપરોકત હકીકતોએ નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**અરજદાર/આરોપી નં.૦૬ હર્ષદ જે.બક્ષી** ની અરજી આથી કંપનીઝ એકટ, ૧૯૫૬ ની ક.૬૩૩(૧) હેઠળ **મંજુર** કરી તેઓને સદર કામેથી **ડીસ્ચાર્જ** કરી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કેસમાં આરોપી નં.૧ કંપની ફડચા(લીકવીડેશન) માં ગયેલ હોય અને તેના જવાબદાર ડાયરેકટર સામેનો કેસ પણ ફેંસલ થયો હોય જેથી કંપની સામે પણ કેસ ચાલુ રાખવો ઉચીત ગણાતો ન હોય જેથી કંપની સામેનો પણ કેસ ઉપરોકત હકીકતોએ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો આ હુકમમાં નામ.ફાયર ફોરમ ધ્વારા કોઈ ફેરફાર થાય તો તે મુજબ સદર ફરીયાદ રીસ્ટોર/ફરી દાખલ કરવાને ફરીયાદપક્ષને બાધ આવશે નહી.

ખર્ચ અંગે હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૧/૦૪/૨૦૨૫
મુકામ : અમદાવાદ.

**(સનત જયંતિલાલ પંચાલ)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(સીટી). (જી.જે.૦૦૮૬૪)